બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ
સ્વિકારવાની પ્રથામાં અંશતઃ ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૧-૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંકઃ- ટીએનસી-૧૦૮૮/આઈબી/૧૮/(૧૩)/સ તા.૩૧-૮-૧૯૬૪

આમુખઃ-

કોન્ટ્રાકટરોને આપવામાં આવતા કામો માં સીક્યુરીટી ડીપોઝીટ અંગેની હાલની પધ્ધતિ પ્રમાણે એગ્રીમેન્ટ સમયે ૫% પરફોર્મન્સ બોન્ડ બેંક ગેરંટી સ્વરૂપે, ૨.૫% સીક્યુરીટી ડીપોઝીટ નર્મદા બોન્ડ અથવા એન.એસ.એસ. સ્વરૂપે લેવામાં આવે છે તેમજ ૨.૫% રકમ ઈજારદારશ્રીના રનીંગ બીલમાંથી કપાત સ્વરૂપે વસુલ કરવામાં આવે છે. કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા નાણાંકિય તરલતા રહે તે માટે ૨.૫% લેખે કાપવામાં આવતી સીક્યુરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી સામે છુટી કરવાની રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારી કામોના કોન્ટ્રાકટ માટે સીક્યોરીટી ડીપોઝીટ સ્વિકારવાની હાલની પ્રથામા નીચે મુજબ નો ફેરફાર કરવામા આવે છે.

૧. હાલમાં પ્રથમ તબક્કે લેવામાં આવતી ૨.૫% સીક્યોરીટીની રકમ જે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. સ્વરૂપે લેવાની જોગવાઈ છે, તે હવે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. તેમજ શીડ્યુલ્ડ બેંકની એફ.ડી.આર. સ્વરૂપે પણ લઈ શકાશે.
૨. રનીંગ બીલમાંથી કપાત થતી ૨.૫% સિક્યુરીટી ડીપોઝીટની રકમ ઈજારદારશ્રી દ્વારા શીડ્યુલ્ડ બેંકની બેંક ગેરંટી રજુ કર્યેથી નીચે જણાવ્યા મુજબ રીલીઝ કરવાની રહેશે.

| ક્રમ | નાણાકીય પ્રગતિ | રનીંગ બીલમાથી ૨.૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે કાપવામાં આવેલ રકમ માંથી છુટી કરવા પાત્ર રકમ | બેંક ગેરંટીની રકમ |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની રકમના ૨૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૦.૬૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૨ | ટેન્ડરની રકમના ૫૦% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૩ | ટેન્ડરની રકમના ૭૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૮૮%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |

ઉપરોક્ત બેંક ગેરંટીની મુદત કામ પુર્ણ થવાની ખરેખર તારીખથી છ(૬)-માસ વધુ સમયની લેવાની રહેશે તથા ઈજારદારશ્રી પાસેથી બાંહેધરીપત્ર મેળવવાનો રહેશે કે, જો કામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો થશે તો વધારેલ સમયમર્યાદાની તારીખથી ૬ માસ વધુ સમયમર્યાદા વાળી બેંક ગેરંટી તેઓશ્રી દ્વારા પુરી પાડવામાં આવશે.

કામ પુર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી પાસેથી લેવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટનું પ્રમાણ કોઈપણ સ્વરૂપે જળવાઈ રહે તેની અચુક કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૪-૧૦-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

...(બાંધકામ)
... વડોદરા
T.C
૭૨૭/૧
૧૨૮૮
૨૮/૧૧